# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તા: ૨૬–૦૯–૨૦૦૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરમાં મીડિયેશન સેન્ટરનો શુભારંભ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે ચેમ્બરમાં મીડિયેશન સેન્ટરનો શુભારંભ માનનીય ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તથા પેટ્રન ઈન ચીફ,ગુજરાત હાઈ કોર્ટ મીડિયેશન સેન્ટર,શ્રી કે.એસ.રાધાક્રિષ્નનના વરદ હસ્તે કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સુપ્રીમકોર્ટમાં જજ તરીકે નિમણુંક થવા બદલ માનનીય ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તથા પેટ્રન ઈન ચીફ,ગુજરાત હાઈ કોર્ટ મીડિયેશન સેન્ટર,શ્રી કે.એસ.રાધાક્રિષ્નન તથા પટના હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે નિમણુંક થવા બદલ માનનીય ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયાધિશ અને ચેરપર્સન,ગુજરાત હાઈકોર્ટ મીડિયેશન સેન્ટર, શ્રી મોહિત એસ.શાહ અને ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયાધીશ શ્રી રવિ આર.ત્રિપાઠીનું સન્માન ચેમ્બર ધ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ આમંત્રિત મહાનુભાવોનું સ્વાગત કરી પોતાના વકતવ્યમાં કહયું હતું કે,આજનો દિવસ ચેમ્બર માટે યાદગાર ગણાશે કેમકે મીડિયેશન સેન્ટરનો શુભારંભ માનનીય ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી કે.એસ.રાધાક્રિષ્નનના વરદ હસ્તે થઈ રહયું છે.તેમણે કહયું કે,તકરારી પક્ષકારો માટે તેમના વિવાદોના ઉકેલ માટે આ મહત્વનું પગલું ગણાશે.ચેમ્બરની પ્રવૃત્તિની ઝલક આપતાં તેમણે કહયું કે,ચેમ્બરે પોતાની સામાજિક જવાબદારી સમજીને કાયમી સમાધાન પંચનો આરંભ ૧૯૮૭ થી કર્યો હતો.ચેમ્બર ધ્વારા વિનામૂલ્યે ચાલતા આ સમાધાન પંચનો લાભ સુરતના લોકોએ લીધો છે.તેમણે કહયું કે,દેશમાં અત્યારે અદાલતોમાં પેન્ડીગ કેસોનો ભરાવો થયો છે ત્યારે વેપાર ઉદ્યોગોને લગતા વિવાદોના ઉકેલ માટે મીડિયેશન સેન્ટર મહત્વનું સાધન પુરવાર થઈ શકશે.ખાસ કરીને સુરત જયારે વેપાર ઉદ્યોગના મહત્વના કેન્દ્ર તરીકે ગણાઈ રહયું છે ત્યારે મીડિયેશન સેન્ટરને કારણે ન્યાય પ્રક્રિયામાં વિલંબ અને ન્યાય મેળવવા માટેના ખર્ચથી બચી શકાશે. ન્યાય મેળવવા માંગતા પક્ષકારોને તો લાભ થશે જ ઉપરાંત ન્યાયતંત્ર ઉપરનો કામનો બોજો પણ ઓછો થશે.ન્યાય મેળવવામાં થતા વિલંબને ટાળી શકાશે.વિકસિત દેશોની જેમ ઝડપી ન્યાય મળી શકશે.

મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દિપ પ્રાગટય બાદ ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી. માંડલેવાળાએ માનનીય ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અને પેટ્રન ઈન ચીફ,ગુજરાત હાઈ કોર્ટ મીડિયેશન સેન્ટરશ્રી કે.એસ.રાધાક્રિષ્નન,માનનીય ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયાધિશ અને ચેરપર્સન,ગુજરાત હાઈ કોર્ટ મીડિયેશન સેન્ટર,શ્રી મોહિત એસ.શાહ નું પુષ્પહાર અને શાલ ઓઢાઢી

સ્મૃતિભેટ તથા શ્રી ધ્વારકાધિશની છબી અર્પણ કરી સન્માન કર્યું હતું. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા ગુજરાત હાઈકોર્ટના માનનિય ન્યાયાધિશ શ્રી રવિ આર.ત્રિપાઠીનું પણ પુષ્પહાર અને શાલ ઓઢાઢી સ્મૃતિભેટ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

પોતાના વકતવ્યમાં માનનીય ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયાધિશ અને ચેરપર્સન,ગુજરાત હાઈ કોર્ટ મીડિયેશન સેન્ટર,શ્રી મોહિત એસ.શાહે કહયું હતું કે,આ સન્માનથી હું ગૌરવ અનુભવું છું.તેમણે કહયું હતું કે,ન્યાય પ્રક્રિયા વિશે લોકોને ખ્યાલ નથી હોતો અને ગેરસમજને કારણે ન્યાયતંત્રની ટીકા થાય છે.સુરત વિશે તેમણે કહયું કે,વસ્તીને આધારે સુરત રાજયનું બીજા ક્રમનું શહેર છે પરંતું ઈન્ફ્રાસ્ટ્રકચરના ધોરણે સુરત સૌથી આગળ છે.વેપાર ઉદ્યોગમાં મોખરે રહેનારા આ શહેરમાં હવે ઝડપી ન્યાય મળી શકે એવા મીડિયેશન સેન્ટરની શરૂઆત થઈ રહી છે ત્યારે વેપાર ઉદ્યોગ,મિલકત,કૌટુંબિક ઝઘડાઓ અને વિવાદોના ઉકેલ માટે કોર્ટના વિકલ્પ તરીકે આર્બિટરેઝેશન,લોક અદાલત કે મીડિયેશન સેન્ટર ઉપયોગી બની શકે છે. સુરતની ચેમ્બરે કાયમી સમાધાન પંચ શરૂ કરીને પહેલ કરી છે ત્યારે મીડિયેશન સેન્ટરને પણ સફળતા મળશે એવી અપેક્ષા અસ્થાને નથી.જેનો સીધો લાભ તકરારી પક્ષકારોને જ થશે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન પદેથી માનનીય ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી કે.એસ.રાધાક્રિષ્નને જણાવ્યુ હતું કે, સુરતની મારી આ પ્રથમ મુલાકાત છે છતાં હું ખૂબ પ્રભાવિત થયો છું.અહીંના લોકોમાં સહકારની ભાવના છે એ બિરદાવવા લાયક છે.તેમણે કહયું કે, દેશના આર્થિક વિકાસમાં ગુજરાતનો ફાળો મહત્વનો છે અને ગુજરાતના વિકાસમાં સુરતનો ફાળો એટલો જ નોંધપાત્ર છે.એમાંય ડાયમન્ડ અને ટેક્ષ્ટાઈલમા સુરત અગ્રેસર છે.ગુજરાતમાં ન્યાયતંત્ર તંદુરસ્ત છે એટલે જ અહી વિદેશી રોકાણકારો આવે છે.ગુજરાતમાં તમામ ક્ષેત્રોમાં વિકાસ શકય બન્યો છે.હવે કોર્પોરેટ સેકટરમાં પણ લીગલ ડિપાર્ટમેન્ટ હોય છે.વેપાર ઉદ્યોગને લગતા વિવાદોનો ઉકેલ કોર્ટને બદલે મીડિયેશન સેન્ટરમાં સરળતાથી મળી શકે છે.કોર્ટના વિકલ્પ તરીકે મીડિયેશન સેન્ટર તમામ ક્ષેત્રો માટે ઉપયોગી નીવડી શકશે.જો કે સમાધાન કરાવવાનું કામ સરળ નથી હોતું.તેમણે એમ પણ કહયું કે મીડિયેટર તરીકે એવી વ્યકિત હોવી જોઈએ જે બંને પક્ષોને સ્વીકાર્ય હોય,એ વ્યકિત ન્યાયતંત્ર સાથે સંકળાયેલી હોય એવું જરૂરી નથી.તેમણે એવું સુચન પણ કર્યું હતું કે,સરકારી એજન્સી સાથે કે વિદેશની કંપનીઓ સાથેના કરારમાં પણ ભવિષ્યમાં કોઈ વિવાદ સર્જાય ત્યારે એના ઉકેલ માટે મીડિયેશનના વિકલ્પનો ઉલ્લેખ કરવો જોઈએ.જો એમ થાય તો મીડિયેશન સેન્ટરની ઉપયોગિતા વધુ ગણાશે.

આ પ્રસંગે સુરતના મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળા,માનનીય ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રીઆર.પી.ઢોલરિયા,માનનીય ગુજરાત હાઈ કોર્ટના રજીસ્ટ્રાર જનરલ શ્રી પી.પી.ભટ્ટ, ગુજરાત બાર કાઉન્સીલના ચેરમેન શ્રી જે.આર. ગાંધી, જિલ્લા સરકારી વકીલ શ્રી નયન સુખડવાલા, સુરત ડીસ્ટ્રીકટ બાર એસોસીએશનના શ્રી મદનસિંહ અટોદરીયા,સુરત સીટી એડવોકેટ એસોસીએશનના શ્રી અચલ શાહ,ગુજરાત બાર કાઉન્સિલના ભુ.પુ.પ્રમુખશ્રી આર.જી.શાહ, ગુજરાત રાજયના અન્ય શહેરોના માનનીય ન્યાયાધીશો, અન્ય રાજયના મેડીએશન સેન્ટરના અગ્રણી વ્યકિતઓ તથા ચેમ્બરના ભુ.પુ.પ્રમુખશ્રીઓ અને શહેરના અગ્રણી એડવોકેટસ ઉપસ્થિત રહયા હતાં.

આ પ્રસંગે ચેમ્બરના કાયમી સમાધાન પંચના સભ્યોનું માનનીય ચીફ જસ્ટીસશ્રી, હાઈકોર્ટના વરિષ્ઠ જસ્ટીસશ્રી તથા ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયાધિશશ્રીના વરદ હસ્તે શાલ ઓઢાઢી અને પુષ્પગુચ્છ અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું.
કાર્યક્રમનું સંચાલન ચેમ્બરના માનદમંત્રીશ્રી હેતલ મહેતાએ કર્યું હતું.

ચેમ્બરના ત.ભુ.પ્રમુખશ્રી ચેતન શાહે આભારવિધિ આટોપી હતી.